| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 02/02/2022 |
| PAGE : | 12 |

### બજેટ નિષ્ણાતોની નજરે

# નાણાપ્રધાનનું બજેટ દુરંદેશી, ડિજિટલ ઈકોનોમીને વેગ

## ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઈ-લર્નિંગ કોન્સેપ્ટ

ગ્રોથ આધારિત બજેટમાં ડિજિટલ એજ્યુકેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. વન ક્લાસ વન ટીવી ચેનલ પ્રોગ્રામ હેઠળ 200 ચેનલ પર શિક્ષણ આપવામાં આવશે. જે વર્લ્ડ ક્લાસ ક્વોલિટી એજ્યુકેશન પ્રદાન કરાશે. » - **ધર્મેશ કપાસી,** પ્રેસિડન્ટ, SEIL

## લાંબાગાળે આર્થિક ગ્રોથમાં સહાયરૂપ

વર્તમાન બજેટ આગામી 25 વર્ષમાં દેશના ગ્રોથને વેગ આપશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રામ્ય સેક્ટર્સમાં રોજગારીનું સર્જન કરશે. ટેક્સટાઈલ સેક્ટરને કોટન પોલિસી, ટેક્સ રિબેટ, અને સેક્ટરને વર્તમાન કોટન અને લોજિસ્ટિક્સ ક્રાઈસિસમાં સેન્ટ્રલ સપોર્ટની અપેક્ષા હતી. » **રોનક ચીરીપાલ,** સીઈઓ, નંદન ટેરી લિ.

## શિક્ષણ ક્ષેત્ર આગવા સ્તરે પહોંચશે

વિવિધ ભાષાઓમાં ઓનલાઈન શિક્ષણ આપવા ડિજિટલ યુનિવર્સિટીની જાહેરાત, ઓનલાઈન ટ્રેનિંગ દ્વારા લોકોને સ્કિલ, રિસ્કિલ અથવા અપસ્કિલ દ્વારા સશક્ત બનાવવાનો ઉદ્દેશ્ય કુશળતામાં વધારો કરશે. » -**ડો. સુનિલ શુક્લા,** ડાયરેક્ટર જનરલ, આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)

## કેમિકલ સેગમેન્ટમાં સ્થાનિક ઉત્પાદનને વેગ

ઉત્પાદન અને કેમિકલ ક્ષેત્ર માટે જારી પ્રોત્સાહનો દેશની આર્થિક વૃદ્ધિને વધુ વેગ આપશે. સરકારની મિથનોલ સહિત ચોક્કસ મુખ્ય રસાયણો પર કસ્ટમ ડ્યુટી ઘટાડવાની દરખાસ્તથી સ્થાનિક ઉત્પાદનોને વેગ મળશે. » **મૌલિક પટેલ,** સીએમડી, મેઘમણી ફાઈનકેમ લિમિટેડ